# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર – પરીક્ષા શાખા.

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડ(આયુર્વેદ)ની તા. ૦૭/૦૧/૨૦૨૫ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ**

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડ (આયુર્વેદ) ની સભા તા. ૦૭/૦૧/૨૦૨૫ ને મંગળવારનાં રોજ મા. કુલપતિશ્રીની ઓનલાઈન અધ્યક્ષતામાં સવારના ૧૧.૦૦ કલાકે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે મળેલ.

**નીચે મુજબના સદસ્યશ્રીઓ મીટીંગમાં હાજર રહેલ.**

(૧) કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૩) વૈદ્ય દિલિપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય ભરતભાઈ મુંગરા, રીડર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૫) વૈદ્ય સારીકાબેન ધનંજયભાઈ પટેલ, પ્રોફેસર, શ્રી વી. એમ. મહેતા ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદા, આણંદપર, રાજકોટ
(૬) કંટ્રોલર ઓફ એક્ઝામીનેશન, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નીચે મુજબના સદસ્યશ્રીઓ મીટીંગમાં ઓનલાઈન હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
હાલ : નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર

કાર્યસૂચિ–૧ :

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડ (આયુર્વેદ) ની તા. ૨૭/૧૧/૨૦૨૪ અને તા. ૨૮/૧૧/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર થવા અંગે.

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં. ૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૪–૨૫/૧૩૮૪ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મીટીંગની કાર્યવાહીની નોંધ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.**

કાર્યસૂચિ–૨ :

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડ (આયુર્વેદ) ની તા. ૨૭/૧૧/૨૦૨૪ અને તા. ૨૮/૧૧/૨૦૨૪ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલાંની વિગત.

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની વિગતપત્રક–ક થી સામેલ રાખેલ.

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

<u>કાર્યસૂચિ–૩</u> :

તાલીમ બાબત

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રી, તમામ શૈક્ષણિક સંવર્ગ તથા પરીક્ષાલક્ષી કામગીરી સાથે સંકળાયેલ કર્મચારી માટે એક એક દિવસની તાલીમનું આયોજન કરવામાં આવેલ. તાલીમ માટે કુલ–૦૬ઝોન બનાવવામાં આવેલ અને આ તમામ ઝોનમાં તાલીમ સંદર્ભે અહેવાલ આપવા એક – એક પ્રાધ્યાપકશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ, જેના નામ નીચે મુજબ છે :–

| | | | |
|---|---|---|---|
| ઝોન–એ | વૈદ્યશ્રી ધર્મેન્દ્રભાઈ જાની | ઝોન–ડી | વૈદ્યશ્રી પાર્થિવભાઈ ભટ્ટ |
| ઝોન–બી | વૈદ્યશ્રી અનુપભાઈ ઈદોરીયા | ઝોન–ઈ | વૈદ્યશ્રી મહેશભાઈ ગુપ્તા |
| ઝોન–સી | વૈદ્યશ્રી આનંદભાઈ પોલ | ઝોન–એફ | વૈદ્યશ્રી અનુપભાઈ ઈદોરીયા |

તાલીમ અહેવાલ સંદર્ભે આગળ ઉપરની કાર્યવાહી અર્થે પ્રસ્તાવ રજુ કરેલ છે.

**તાલીમ માટેનો આવેલ અહેવાલ ધ્યાને લઈ તેમજ પ્રાધ્યાપકશ્રીઓ તરફથી આવેલ સૂચનો મુજબની એસ.ઓ.પી. તૈયાર કરી દરેક કોલેજોને આ બાબતની જાણ સત્વરે કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

<u>કાર્યસૂચિ–૪</u> :

એમ.ડી. / એમ.એસ. ની અંતિમ વર્ષની પરીક્ષાની તારીખો તથા પરીક્ષકશ્રીઓની નિયુક્તિ થવા તથા સીનીયર સુપરવાઈઝરશ્રીની નિયુક્તિ થવા બાબત તથા આ પરીક્ષા લેવા માટે પરીક્ષા કેન્દ્ર તથા તેના એસેસમેન્ટ ઓફલાઈન કરાવવા માટે કોલેજનું નામ નકકી થવા બાબત.

એમ.ડી. / એમ.એસ. ની અંતિમ વર્ષની પરીક્ષા કઈ તારીખથી શરૂ કરવી તે માટેની તારીખ નકકી થવા તથા લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓની નિયુક્તિ થવા તથા સીનીયર સુપરવાઈઝરશ્રીની નિયુક્તિ થવા બાબતે પ્રસ્તાવ રજુ કરેલ છે. તેમજ આ પરીક્ષા લેવા માટે પરીક્ષા કેન્દ્ર તથા તેના એસેસમેન્ટ ઓફલાઈન કરાવવા માટે કોલેજનું નામ નકકી થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**બી.એન.વાય.એસ.ની પ્રથમ વર્ષની લેખિત પરીક્ષા તા. ૨૭/૦૧/૨૦૨૫ થી તથા પ્રેકટીકલ પરીક્ષા તા. ૦૫/૦૨/૨૦૨૫ થી શરૂ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. લેખિત પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓ તથા સીનીયર સુપરવાઈઝરશ્રીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી.**

**એમ.ડી. / એમ.એસ. ની અંતિમ વર્ષની પરીક્ષા તા. ૧૦/૦૨/૨૦૨૫ થી અને પ્રેકટીકલ પરીક્ષા તા. ૧૪/૦૨/૨૦૨૫ થી શરૂ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓ, સીનીયર સુપરવાઈઝરશ્રીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી. સદરહુ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર તથા તેના એસેસમેન્ટ ઓફલાઈન કરાવવા માટે પરીક્ષા કેન્દ્ર – જે. એસ. આયુર્વેદ કોલેજ, નડીયાદનું નામ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

<u>કાર્યસૂચિ–૫</u> :

બી.એ.એમ.એસ. ની સપ્ટેમ્બર–૨૦૨૪ ની લેખિત પરીક્ષામાં ફેઈલ થયેલ ફોરેનર્સ વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પરત્વે નિર્ણય થવા બાબત.

...૩...

**Sujit Pramanik** અને અન્ય ત્રણ ફોરેનર્સ વિદ્યાર્થીઓએ તા. ૨૪/૧૦/૨૦૨૪ ની અરજી – મા. કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને ઉદ્દેશીને કરવામાં આવેલ છે, જેની નકલ પરિશિષ્ટ–૪ થી સામેલ રાખેલ. આ અરજી મા. કુલપતિશ્રીએ પરીક્ષા શાખાને મોકલી આપેલ છે.

આ અરજીથી રી–એસેસમેન્ટ અથવા ગ્રેસ માર્કસ માટે જણાવેલ છે. આ અરજી તેઓએ સીધી મા. કુલપતિશ્રીને કરેલ છે, કોલેજના આચાર્યશ્રીના સહી સિકકા થઈને કે તેના મારફત આવેલ નથી. આવેલ અરજીમાં જણાવેલ સીટ નંબર અનુસાર કુલ–૪ ફોરેનર્સ વિદ્યાર્થીઓશ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના છે, જેઓએ બી.એ.એમ.એસ. ની સપ્ટેમ્બર–૨૦૨૪ ની પરીક્ષા આપેલ છે, તેના પરીણામની વિગત નીચે મુજબ છે.

| Sr. No. | Student Name | Seat No. | પરીણામની વિગત |
|---|---|---|---|
| 1 | Sujit Pramanik | 41506 | આ વિદ્યાર્થી પંચકર્મના એક વિષયમાં ફેઈલ છે.આ વિદ્યાર્થીને શાલકયતંત્રના વિષયમાં ગ્રેસના માર્કસ મળેલ છે. ગ્રેસના માર્કસ ઉમેરીને શાલકયતંત્ર વિષયમાં પાસ થયેલ છે. |
| 2 | Karina | 41507 | આ વિદ્યાર્થી કાયાચિકિત્સાનાએક વિષયમાં ફેઈલ છે.આ વિદ્યાર્થીને શાલકયતંત્રના વિષયમાં ગ્રેસના માર્કસ મળેલ છે. ગ્રેસના માર્કસ ઉમેરીને શાલકયતંત્ર વિષયમાં પાસ થયેલ છે. |
| 3 | MrittikaKundo | 41508 | આ વિદ્યાર્થી પંચકર્મના એક વિષયમાં ફેઈલ છે.આ વિદ્યાર્થીને રીસર્ચ મેથોડોલોજીના વિષયમાં ગ્રેસના માર્કસ મળેલ છે. ગ્રેસના માર્કસ ઉમેરીને રીસર્ચ મેથોડોલોજી વિષયમાં પાસ થયેલ છે. |
| 4 | Tamita | 41510 | આ વિદ્યાર્થી રીસર્ચ મેથોડોલોજીના એક વિષયમાં ફેઈલ છે, રી–એસેસમેન્ટના નિયમો અનુસાર તેની ઉતરવહીરી–એસેસમેન્ટને પાત્ર હોય રી–એસેસમેન્ટ કરાવેલ છે, રી–એસેસમેન્ટનું પરીણામ જાહેર થઈ ગયેલ છે. |

ઉપરોકત ક્રમ નંબર–૧ થી ૩ મુજબના ફોરેનર્સ વિદ્યાર્થીઓ એક વિષયમાં ફેઈલ થયેલ હોવાથી અને એક વિષયમાં ગ્રેસ મળેલ હોવાથી નિયમ અનુસાર રી–એસેસમેન્ટને પાત્ર થતાં નથી, જેથી આવેલ અરજી પરત્વે હવે કશું કરવાનું રહેતું નથી. મા. કુલપતિશ્રીના આદેશ અનુસાર એકેડેમીક કાઉન્સીલમાં પ્રસ્તાવ મુકી નિર્ણય કરવાનો હોય ફોરેનર્સ વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી વંચાણે લઈ નિર્ણય થવા સદરહુ પ્રસ્તાવ એકેડેમીક કાઉન્સીલની તા. ૨૦/૧૨/૨૦૨૪ ની સભામાં કાર્યસૂચિ–૧૦ થી રજુ કરવામાં આવેલ. આ સભામાં ઠરાવ નંબર–૧૦ થી થયેલ નિર્ણય અનુસાર એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ સમક્ષ રજુ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવેલ હોય, તદઅનુસાર એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ સમક્ષ ઉપરોકત ફોરેનર્સ વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી અન્વયે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે. ક્રમ નંબર–૪ માટે કશું કરવાનું રહેતું નથી, જે જાણ માટે.

**ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે ક્રમ નં. ૧ થી ૩ માં દર્શાવેલ વિદ્યાર્થીઓની અરજી ગ્રાહય ન રાખવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. ક્રમ નં. ૪ માટેનો પ્રસ્તાવ ધ્યાને લેવામાં આવેલ. આ બાબતે ફોરેનર્સ કોર્ષના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રકીયાને ધ્યાને લેતાં અગાઉ આવા વિદ્યાર્થીઓના પેપર અલગથી તપાસવામાં આવતા હતા. આ બાબતને ધ્યાનમાં રાખી હવે પછીથી ઓનલાઈન મોકલવામાં આવતી ઉતરવહીઓમાં ફોરેનર્સ વિદ્યાર્થીઓની ઉતરવહીઓ અલગથી મોકલવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. આ નિર્ણયની જાણ એકેડેમીક કાઉન્સીલને કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

...૪...

કાર્યસૂચિ–૬ :
નવી એક્ઝામ પેટર્ન મુજબની ઉત્તરવહીઓ છપાવવા બાબતે ઉત્તરવહીની પેટર્ન નક્કી થવા બાબત.

પરીક્ષા શાખાની જુદી જુદી પરીક્ષાઓ માટે દોઢ લાખ નંગ કોરી ઉત્તરવહી છપાવવા માટે થનાર ખર્ચની અંદાજીત રકમ રૂા. ૩૦,૦૦,૦૦૦/– (ત્રીસ લાખ) મંજુર થવા યુનિવર્સિટીની ફાયનાન્સ કમિટિની તા. ૨૦/૧૨/૨૦૨૪ ની સભામાં કાર્યસૂચિ–૩ થી પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ. ફાયનાન્સ કમિટિમાં નિર્ણય થયેલ છે કે, હાલમાં જુની એક્ઝામ પેટર્ન મુજબની પચાસ હજાર નંગ ઉત્તરવહી છપાવવા માટે એક ઉત્તરવહી દીઠ રૂા. ૨૦/– ની મર્યાદામાં ખર્ચને મંજુરી આપવામાં આવી. નવી એક્ઝામ પેટર્ન મુજબની ઉત્તરવહીઓ માટે વિભાગ કક્ષાએથી ઉત્તરવહી પેટર્ન, એક ઉત્તરવહીનાં પેઈજની સંખ્યા તથા જરૂરીયાત મુજબ છપાવવાની થતી કુલ ઉત્તરવહીઓની સંખ્યા નક્કી કરવાનું ઠરાવવામાં આવ્યું. ફાયનાન્સ કમિટિની તા. ૨૦/૧૨/૨૦૨૪ ની આ સભાની કાર્યવાહીની નોંધ મંજુર થવા હિસાબી શાખા દ્વારા બી.ઓ.જી. ની તા. ૨૧/૧૨/૨૦૨૪ ની સભામાં બાબત–૩ થી પ્રસ્તાવ રજુ કરવામાં આવેલ તે કાર્યવાહીની નોંધ મંજુર કરવામાં આવેલ તેમજ રૂા. ૨૦/– નો ઉલ્લેખ ન કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ નવી ઉત્તરવહીઓ કઈ પેટર્ન મુજબ છપાવવી તે બાબતે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે નવી ઉત્તરવહીઓની પેટર્ન નક્કી કરવા માટે નીચે મુજબની કમિટીની રચના કરવામાં આવી.**

**(૧) ડો. મહેશચંદ ગુપ્તા (૨) ડો. ભરતભાઈ મુંગરા (૩) ડો. રાજેશભાઈ બરવાળીયા**

**કમિટિ દ્વારા પેટર્ન નક્કી થયા બાદ યુનિવર્સિટી કક્ષાએથી છપાવવાની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

કાર્યસૂચિ–૭ :
બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૫ ની લેખિત પરીક્ષા માટે નિમવામાં આવેલ સીનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફથી આવેલ અસ્વીકૃતિ બાબત.

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૭/૧૧/૨૦૨૪ અને તા. ૨૮/૧૧/૨૦૨૪ ની સભામાં કાર્યસૂચિ–૩ થી બી.એ.એમ.એસ. ની જાન્યુઆરી–૨૦૨૫ ની લેખિત પરીક્ષા માટે કુલ–૨૬ કોલેજોમાં સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ. તેમાંથી નીચે દર્શાવેલ વિગતે કુલ–૦૬ પ્રાધ્યાપકશ્રીઓ પૈકી ૦૪ પ્રાધ્યાપકશ્રીઓએ તેમની ફરજના સ્થળ બદલાવવા માટે અને ૦૨ પ્રાધ્યાપકશ્રીઓએ ઓર્ડર ન કરવા પત્ર લખી અત્રે જણાવેલ છે. કુલ–૦૬ પ્રાધ્યાપકશ્રીઓ તરફથી આવેલ પત્રો સભા સમયે રજુ કરવામાં આવશે.

| ક્રમ | પ્રાધ્યાપકશ્રીનું નામ અન કોલેજ | સીનીયર સુપરવાઈઝર તરીકે જે કોલેજમાં નિમણુંક કરેલ છે તે કોલેજનું નામ (પરીક્ષા કેન્દ્ર) |
|---|---|---|
| ૧ | ડો. મિલનત્રિવેદી,<br>ગ્લોબલ આયુર્વેદ કોલજ, રાજકોટ | શેઠ જે. પી. આયુર્વેદ કોલેજ, ભાવનગર |
| ૨ | ડો. અમિત તન્ના,<br>શ્રી વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજ, રાજકોટ | સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ |
| ૩ | ડો. સુનિલ રાપોલુ,<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | ધન્વંતરિ આયુર્વેદ કોલેજ, કોયડમ |

...૫...

| | | |
|---|---|---|
| ૪ | ડો. હિમાંગી બલદાણીયા,<br>સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા | અનન્યા આયુર્વેદ કોલેજ, કલોલ |
| ૫ | ડો. જયકૃષ્ણ જાની,<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | શ્રી બાલાહનુમાન આયુર્વેદ કોલેજ, લોદરા |
| ૬ | ડો. મયંક મણીયાર<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | મર્ચન્ટ આયુર્વેદ કોલેજ, બાસણા |

ડો. મિલન ત્રિવેદી, ડો. અમિત તન્ના, ડો. હિમાંગી બલદાણીયા અને ડો. મયંક મણીયારે પરીક્ષા કેન્દ્ર ફેરવવાનું જણાવેલ છે, જયારે ડો. સુનિલ રાપોલુએ સીનીયર સુપરવાઈઝરનો સમગ્ર ઓર્ડર કેન્સલ કરવાનું અને ડો. જયકૃષ્ણ જાનીએ શરૂઆતના બે દિવસ સીનીયર સુપરવાઈઝરનો ઓર્ડર કેન્સલ કરવાનું જણાવેલ છે.

પ્રાધ્યાપકશ્રીઓ તરફથી આવેલ પત્રો વંચાણે લઈ તેમજ ઉપરોકત વિગતોધ્યાને લઈ કુલ–૦૬ કોલેજોમાં સીનીયર સુપરવાઈઝરશ્રીઓની કરવામાં આવેલ નિયુકિત બાબતે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોકત પ્રસ્તાવ પરત્વે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો.**

| ક્રમ | પ્રાધ્યાપકશ્રીનું નામ અન કોલેજ | નિર્ણય |
|---|---|---|
| ૧ | ડો. મિલન ત્રિવેદી,<br>ગ્લોબલ આયુર્વેદ કોલજ, રાજકોટ | **અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.** |
| ૨ | ડો. અમિત તન્ના,<br>શ્રી વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજ, રાજકોટ | **અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.** |
| ૩ | ડો. સુનિલ રાપોલુ,<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | **અરજી ગ્રાહય રાખવામાં આવે છે.<br>તેમની જગ્યાએ ડો. અબ્દેલી ભાદરવા, વડોદરાનું નામ નકકી કરવામાં આવેલ.** |
| ૪ | ડો. હિમાંગી બલદાણીયા,<br>સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા | **અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.** |
| ૫ | ડો. જયકૃષ્ણ જાની,<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | **અરજી ગ્રાહય રાખવામાં આવે છે.<br>તેમની જગ્યાએ સમગ્ર પરીક્ષા માટે ડો. મયંક મણીયારનું નામ નકકી કરવામાં આવેલ.** |
| ૬ | ડો. મયંક મણીયાર<br>સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | **અરજી ગ્રાહય રાખવામાં આવે છે.<br>તેમની જગ્યાએ ડો. વર્ષા ચૌધરી, અમદાવાદનું નામ નકકી કરવામાં આવેલ.** |

<u>કાર્યસુચિ–૮</u> :

સેકન્ડ પ્રોફેશનલ યરમાં બેક બેચની ટર્મ ગણતરી તેમજ પરીક્ષા કેલેન્ડર બાબત.

વર્તમાન સમયમાં એન.સી.આઈ.એસ.એમ. ના નવા એમ.ઈ.એસ. અનુસાર પ્રથમ પ્રોફેશનલ વર્ષમાં એડમીશન સમયે સંપૂર્ણ કોર્ષ સંબંધિત કેલેન્ડર જાહેર કરવામાં આવતું હોય છે, જે રેગ્યુલર તમામ પરીક્ષાઓમાં સફળ થતાં વિદ્યાર્થીઓને લાગુ પડતુંહોય છે, પરંતુ પ્રથમ પ્રોફેશનલ વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટેની એન.સી.આઈ.એસ.એમ. ની ગાઈડ લાઈન મુજબ નવી બેચ બનાવવાની થતી નથી અને જે તે સમયે સેકન્ડ પ્રોફેશ્નલ વર્ષ ચાલુ હોય તે સાથે તેમને બેસાડવાના થાય. તે મુજબ બેચ–૨૦૨૧–૨૨ ની બેચના છ માસ પાછળથી પાસ થયેલા વિદ્યાર્થીઓને એપ્રિલ ૨૪ સમયે તેઓની બેચના વિદ્યાર્થીઓ સાથે સેકન્ડ ટર્મ એપ્રિલ–૨૪ થી સપ્ટેમ્બર–૨૪ તથા થર્ડ ટર્મ ઓકટોબર–૨૪ થી જાન્યુઆરી–૨૫ સુધી રહેશે.

હવે થર્ડ ટર્મ રીયલ બેચની પરીક્ષાઓ ૨૧ જાન્યુઆરીથી શરૂ થતી હોય જેથી આગળ બે સપ્તાહનું રીડીંગ સમય આપવાનો થતો હોય તે મુજબ ૫ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે તે બાદ બેક બેચ વિદ્યાર્થીઓ માટેની શું વ્યવસ્થા ગોઠવી શકાય તેમજ તેઓની સેકન્ડ પ્રોફેશનલ બાકી ફર્સ્ટ ટર્મ તેમજ પરીક્ષા સંબંધિત કેલેન્ડર યુનિવર્સિટી દ્વારા નક્કી થવાનો પ્રસ્તાવ એકેડેમીક કાઉન્સીલની તા. ૨૦/૧૨/૨૦૨૪ ની સભામાં બાબત–૧ થી રજુ કરવામાં આવેલ તેમાં થયેલ નિર્ણય નીચે મુજબ છે :–

"ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે અધ્યયન સંબંધિતવ્યવસ્થા લગત કોલેજ દ્વારા સંસ્થાની કક્ષાએ કરવાની રહેશે અને પરીક્ષા સંબંધિતવ્યવસ્થા અંગેના પ્રશ્નો એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ સમક્ષ રજુ કરવા તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ."

એકેડેમીક કાઉન્સીલની સભા દ્વારા થયેલ ઉપરોક્ત નિર્ણય વંચાણે લઈ આગળ ઉપરની કાર્યવાહી થવા માટે જરૂરી નિર્ણય અર્થે પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણાના અંતે એન.સી.આઈ.એસ.એમ.ના ગેઝેટ નોટીફીકેશન અનુસાર કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ.**

બાબત–૧ :
એમ.ડી. / એમ.એસ. પ્રથમ વર્ષની રીપીટર બેચની પરીક્ષા લેવા બાબત.

**એમ.ડી. / એમ.એસ. પ્રથમ વર્ષની રીપીટર બેચની થીયરીની પરીક્ષા તા.૧૩/૦૨/૨૦૨૫ અને પ્રેકટીકલ પરીક્ષા તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ લેવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષકશ્રીઓના નામ નક્કી કરવામાં આવ્યા. પરીક્ષા કેન્દ્ર તેમજ એસેસમેન્ટ ઓફલાઈન કરાવવા માટે જે. એસ. આયુર્વેદ કોલેજ, નડીયાદનું નામ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.**

Hzala

**( એચ. પી. ઝાલા )**
**ઈન્ચાર્જ પરીક્ષા નિયામક / સભ્ય સચિવ**

---

નં.૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૪–૨૫/ 1646 તા. ૦૮/૦૧/૨૦૨૫

પ્રતિ,
સર્વે સંબંધિત સદસ્યશ્રીઓ તરફ.....

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૨) કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કળસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
હાલ : નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૫) વૈદ્ય ભરતભાઈ મુંગરા, રીડર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય દિલિપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) વૈદ્ય સારીકાબેન ધનંજયભાઈ પટેલ, પ્રોફેસર, શ્રી વી. એમ. મહેતા ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદા, આણંદપર, રાજકોટ
(૮) કંટ્રોલર ઓફ એકઝામીનેશન, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

નકલ રવાના :– (૧) પી. એસ. ટુ વી. સી. (૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર (૩) હિસાબી શાખા
(૪) કોમ્પ્યુટર પ્રોગામરશ્રી, કુલપતિશ્રી કાર્યાલય